

નાસુરામાં પાણી ભરાતાં લોકો ઘરોમાં પુરાવા મજબૂર



માંડવી-તરસાડાના નવા પુલની સાઈડ વોલનું ધોવાણ



આંગણવાડીની સ્થિતિ

# બારડોલીમાં મેઘપ્રકોપ: રસ્તા જળતરબોળ

**ભારે** વરસાદને કારણે તાલુકાના 20 રસ્તા બંધ, લોકોને પારાવાર હાલાકી

બારડોલી: બારડોલીમાં વરસાદને કારણે પાણી ફરી વળતાં 20 જેટલા આંતરિક રસ્તા વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા હતા. બારડોલીમાં સોમવારે સાંજે 6થી મંગળવાર સાંજે 6 વાગ્યા સુધીના 24 કલાકમાં 6 ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. બારડોલીના કડોદ રોડ પર આવેલી શિવશકિત સોસાયટી ઉપરાંત એમ.એન.પાર્ક અને ડી.એમ. પાર્ક સોસાયટીમાં ફરી વખત રાત્રે પાણી ભરાઈ જતાં લોકો કફોડી સ્થિતિમાં મુકાયા હતા. કડોદ રોડ પર આવેલી કાછિયા પાટીદાર સમાજની વિઠ્ઠલવાડીમાં પણ પાણી ફરી વળ્યું હતું. રાત્રિ દરમિયાન ભારે વરસાદથી અનેક રસ્તા બંધ થઈ ગયા હતા. વહીવટી તંત્ર દ્વારા જે રસ્તા કે પુલ પર પાણી ફરી વળ્યા હતા ત્યાં બેરિકેટ્સ મૂકી રસ્તા પર વાહન વ્યવહાર બંધ કરી દેવાયો હતો.

નાસુરા ગામની વચ્ચેથી પસાર થતી ખાડીમાં પૂર આવતા ગામના ચાર ફળિયાને મુખ્ય ગામને જોડતો પુલ પાણીમાં ગરક ગયો હતો. ગામના નવું ફળિયું, ગૂંદી ફળિયું, મહુડી ફળિયું, ટેકરા ફળિયુંનો સંપર્ક કપાઈ જતાં લોકોને મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો. પાણીનો પ્રવાહ તેજ હોય ગામમાં પોલીસ બંદોબસ્ત પણ મૂકી દેવામાં આવ્યો હતો. ચારેય ફળિયાના લોકોને બહાર નીકળવા માટે અન્ય કોઈ વૈકલ્પિક માર્ગ ન હોય ગોંધાય રહેવું પડ્યું હતું. મોડી સાંજે પણ પાણી ઊતર્યા ન હોવાથી લોકોને મુશ્કેલીમાં વધારો થયો હતો.

## બારડોલીમાં દીવાલ ધસી પડતાં એક યુવાન ઘાયલ

બારડોલી: બારડોલીના શાકભાજી માર્કેટથી મીંઢોળા ઓવરા જતાં માર્ગ પર આવેલા ચાર મકાનોની આગળની દીવાલ તૂટી પડતાં ઘરમાં સૂતેલા પરિવારજનો ચોંકી ઊઠ્યા હતા. આ ઘટનામાં એક યુવકને ઇજા થઈ હોવાનું જાણવા મળ્યું છે. દીવાલ નીચે બે મોટરસાઇકલ દબાઈ જવાથી નુકસાન થયું હતું.



### માણેકપોર પ્રાથમિક શાળામાં ઘૂંટણસમા પાણી ભરાયા

બારડોલી: બારડોલીની માણેકપોરમાં પ્રાથમિક શાળામાં પાણી ભરાઈ જતાં શાળામાં વિદ્યાર્થીઓને રજા આપી દેવાની ફરજ પડી હતી. શાળા પરિસરમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે બાળકોના શિક્ષણ કાર્યને પણ અસર થઈ હતી.

### માંડવી-તરસાડાને જોડતો રૂ.47 કરોડના ખર્ચે બનેલા નવા પુલની સાઈડ વોલનું ધોવાણ

માંડવી: રાષ્ટ્રીય ધોરી માર્ગ નં-56 ઉપર માંડવી અને તરસાડાને જોડતા રૂ.47.92 કરોડના ખર્ચે તાપી નદી પર નવનિર્મિત પુલનું જે-તે સમયના માર્ગ-મકાન વાહન વ્યવહાર મંત્રી પૂર્ણેશ મોદીના હસ્તે 30 ઓક્ટોબર-2021માં લોકાર્પણ કરાયું હતું. ત્યારે અઢી વર્ષમાં જ અપ્રોચ રોડની સાઈડ વોલ વરસાદ પડતાં ગાબડું પડ્યું હતું અને પથ્થરોની વોલ સાથે માટીનું ધોવાણ થયું છે. જે ભ્રષ્ટાચારની પોલ ખોલી છે.

### અંત્રોલી-ઓવિયાણ વચ્ચેના પુલ ઉપર તિરાડ

પલસાણા: પલસાણાના અંત્રોલી અને કામરેજ તાલુકાના ઓવિયાણ ગામની વચ્ચેથી પસાર થતી ખાડી પર અવરજવર માટે લો લેવલ બ્રિજ બનાવવામાં આવેલો હતો. પરંતુ વર્ષો જૂનો આ બ્રિજ ચોમાસામાં ખાડીમાં પાણી આવતા ડૂબી જતો હોય બંને ગામોનો સંપર્ક દિવસો સુધી કપાઈ જતો હતો. આથી ગ્રામજનોએ લો લેવલ બ્રિજની જગ્યાએ ઊંચો પુલ બનાવી આપવા માટે તંત્રને તેમજ સ્થાનિક નેતાઓને રજૂઆત કરી હતી. આથી નવો બનેલો લાખો રૂપિયાનો બ્રિજ પહેલા ચોમાસામાં જ મોટી તિરાડ પડી જવા સાથે રોડ બેસી જતાં બ્રિજની નબળી કામગીરીની પોલ ખૂલી ગઈ છે. કોન્ટ્રાક્ટર સામે પગલાં લેવા માટે અંત્રોલી અને ઓવિયાન ગ્રામજનોની બૂમ જોવા મળી રહી છે.




### કાની ગામે આંગણવાડી પાણીમાં ગરકાવ

અનાવલ: મહુવા તાલુકાના કાની ગામે લાખોના ખર્ચે નિર્માણ થયેલી આંગણવાડી વરસાદી પાણીમાં ગરક થઈ ગઈ હતી. જેને કારણે ગ્રામજનોમાં રોષ જોવા મળ્યો હતો.

### મહુવામાં ભારે વરસાદને લીધે આઠ ઘરને નુકસાન




અનાવલ: મહુવામાં બારતાડ, વાંસકુઈ, ગોપલા, કાછલ ગામે એક-એક ઘરમાં દીવાલો તૂટી પડવાથી લઇ મોટું નુકસાન થયું હતું. તો દેદવાસણ ગામે ચાર જેટલાં ઘરોમાં નુકસાન થયું હતું. જો કે, સદનસીબે કોઈપણ જાનહાનિ કે પશુઓને હાનિ થઈ ન હતી. આ બનાવની જાણ થતાં જ તંત્ર દ્વારા સરવે કરી સહાય માટે કાર્યવાહી હાથ ધરી છે.

### આ રસ્તા બંધ કરાયા

વાંકાનેર-પારડી વાલોડ રોડ, જૂની કીકવાડ-ગભેણી ફળિયા રોડ, ખરવાસા મોવાછી જોઇનિંગ શામપુરા રોડ, વડોલી-બાબલા રોડ, ખોજ પારડી-વાઘેચા જોઈનિંગ, બારડોલી રામજી મંદિરથી ખલી રોડ, નસુરા-મસાડ નવી વસાહત રોડ, નસુરા-મસાડ વગા રોડ, સુરાલી કોટમુંડાથી બેલધા રોડ, સુરાલી ધારિયા ઓવારા રોડ, વડોલી અંચેલી રોડ, સુરાલી સુવિન જકાના ઘરથી ધારિયા ઓવારા રોડ, રાયમ વોટર વર્કથી સ્મશાન રોડ, ખોજ પારડીથી વાઘેચા રોડ, બામણી ઓરગામ રોડ, ટિંબરવા કરચકા રોડ, રામપુરા એપ્રોચ રોડ, અકોટી આશ્રમ શાળા રોડ, કંટાળી ભામૈયા રોડ, તાજપોરથી રગડ ખાડી રોડ.

### બોરિયા પ્રાથમિક શાળામાં પાણી ભરાયા

અનાવલ: મહુવાની બોરિયા પ્રાથમિક શાળામાં પાણી ભરાતાં વિદ્યાર્થી તેમજ શિક્ષકોને પણ હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો હતો.

### માંડવીમાં ત્રણ રસ્તા બંધ

માંડવી: છેલ્લા ચોવીસ કલાકમાં પડેલા ભારે વરસાદના કારણે માંડવીમાં ઉશ્કેર મુંજલાવ બોધાન રોડ, ઉમરસાડી ખરોલી રોડ બંધ કરાયો હતો. જેથી વાહન ચાલકો વૈકલ્પિક રસ્તાઓ પરથી વાહનો લઈ જઈ શકશે તેમ માર્ગ મકાન વિભાગ(પંચાયત) પાસેથી વિગતો પ્રાપ્ત થઈ છે.

### વાંકલમાં વડ તૂટી પડ્યો

વાંકલ: વાંકલના વેરાવી ફળિયામાં આવેલું વડનું 100 વર્ષ જૂનું ઝાડ તૂટીને વીજપોલ પર પડ્યું હતું. વીજપોલ તૂટી જતાં વીજકર્મીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. આ બનાવથી વેરાવી ફળિયાથી કોલેજ અને સ્મશાન તરફ જવાનો રસ્તો બંધ થઈ ગયો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.

# ડોલવણ અને વાલોડમાં ૪-૪ ઇંચ, વ્યારામાં 3, સોનગઢમાં અઢી ઇંચ વરસાદ નોંધાયો

**પંચાયતના** આઠ રસ્તા બંધ થતાં ગ્રામજનો અને વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા

વ્યારા: તાપી જિલ્લામાં મધ્ય રાત્રિએ ૨ વાગ્યાથી બપોરે ૧૨ સુધી વાલોડ, ડોલવણ, વ્યારા, સોનગઢમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. માત્ર ૧૦ કલાકમાં ડોલવણ અને વાલોડમાં ૪-૪ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે વ્યારામાં ૩ ઈંચ અને સોનગઢમાં અઢી ઈંચ વરસાદ નોંધાયો હતો.

તાપી જિલ્લામાં સોમવારે સાંજે છથી મંગળવારે સાંજે છ વાગ્યા સુધીના છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વાલોડમાં ૧૦૩ મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે સોનગઢમાં ૬૫ મીમી,વ્યારામાં ૮૦ મીમી, નિઝરમાં ૧૦ મીમી, કુકરમુંડામાં ૧૯ મીમી, ડોલવણમાં ૧૦૨ મીમી, ઉચ્છલમાં ૨૨ મીમી વરસાદ નોંધાયો હતો.

તાપી જિલ્લામાં ભારે વરસાદને કારણે વાલોડ અને વ્યારા તાલુકાના આઠ જેટલા રસ્તા બંધ થઈ જતાં વાહનચાલકો, ગ્રામજનોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. વાલોડ તાલુકામાં ધામોદલા બંગલી ફળિયા રોડ, વાલોડ શેઢી ફળિયા રોડ, વાલોડ શેઢી ફળિયાથી જકાતનાકા રોડ, ધામોદલા ડેરી ફળિયાથી વાડી ફળિયા ટુ કાટીસકૂવા સીમાડા રોડ, એસ.એચ.થી દેગામા ટાંકલી ફળિયા રોડ, વ્યારા તાલુકાના કેળકુઇ હાઈસ્કૂલથી ગાંધી ફળિયા રોડ, ભાનાવાડીથી ખુશાલપુરા રોડ, એમ-૦૫થી ભાનાવાડી ડેરી ફળિયા રોડ વાળા રસ્તા બંધ થયા છે.

### વ્યારાના ખુશાલપુરા રેલવે અંડરપાસ તેમજ વાલોડમાં પાણી ભરાયું



વ્યારા: વ્યારાના ભાનાવાડીથી ખુશાલપુરા જતાં રસ્તે પાણી પાણી થઇ જતાં વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. ખુશાલપુરા ગામ નજીક આવેલા રેલવે અંડરપાસમાં વરસાદી પાણી ભરાઇ જતાં સાવચેતીના ભાગરૂપે અહીં રસ્તો બંધ કરાતાં વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો. વ્યારા શહેરના તરણકુંડ નજીક અચાનક વીજપોલ પાર્ક કરેલી કાર પર પડતાં નુકસાન થયું હતું. વાલોડ ગામે વરસાદને લઈ ચાર રસ્તા નજીક પટેલા શોપિંગ સેન્ટરની પાછળના ફળિયામાં પાણી ભરાઈ ગયા હતા. પાણી ભરાતાં ગ્રામપંચાયતની પ્રિ-મોન્સૂન કામગીરી શંકાના દાયરામાં આવી હતી.

### તાપી જિલ્લાના ડોલવણમાં વીજ થાંભલો ધરાશાયી થતાં વાહન વ્યવહાર ઠપ્પ



વ્યારા: ડોલવણ તાલુકાના આસોપાલવ ગામે વીજ થાંભલો ધરાશાયી થતાં વાહન વ્યવહાર ઠપ્પ થયો હતો. જો કે, લોકોનો બચાવ થતાં રાહતની લાગણી અનુભવી હતી.

### સોનગઢમાં વરસાદને કારણે દુર્ગા આર્કેડની કમ્પાઉન્ડ વોલનું ધોવાણ થયું

વ્યારા: સોનગઢ જુનાં આરટીઓ પાસે કોતરની ખાડા ખરાબીની જગ્યામાં દુર્ગા આર્કેડ કોમર્શિયલ સેન્ટરના માલિકે બિન અધિકૃત તાણી દીધેલી આશરે ૭૦ ફૂટ ઊંચાઈ અને ૧૫૦ ફૂટ જેટલી લંબાઈની પુરાણ સાથેની સેફ્ટી વોલ ધોધમાર વરસાદ વચ્ચે મંગળવારે ધસી પડતાં દુકાનધારકોમાં અફડાતફડી સર્જાઈ હતી. જો કે, કાટમાળ નીચે કોઈ દબાયું ન હોવાથી મોટી દુર્ઘટના ટળી છે.


Milano MULTIPLEX

બારડોલી

KALKI 2898 AD
10:00am, 01:30pm, 02:30pm, 05:00pm, 06:00pm, 09:00pm, 10:00pm

Trisha On The Rocks (Gujrati)
11:00am

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333


# ભરૂચ જિલ્લામાં સતત ચોથા દિવસે મેઘમહેર: અંકલેશ્વરમાં સવા બે ઈંચ

**ભરૂચમાં** 1 ઈંચ, હાંસોટ અને વાલિયામાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો



ભરૂચ, ઝઘડિયા: ભરૂચ જિલ્લામાં ચાર દિવસથી વરસાદ પડતાં જનજીવન પર અસર દેખાઈ રહી છે. છેલ્લા ચોવીસ કલાકમાં અંકલેશ્વર તાલુકામાં સવા બે ઈંચ, ભરૂચમાં એક ઈંચ, હાંસોટ અને વાલિયામાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો હતો. મંગળવારે જંબુસરને અપવાદરૂપ છોડતાં તમામ આઠ તાલુકામાં સવારે પણ વરસાદ પડ્યો હતો. વરસાદ ઓછો પડતા ભરૂચ શહેરના નીચાણવાળા વિસ્તારમાં છીછરા પાણી જોવા મળ્યા હતા. ઝઘડિયામાં વરસાદથી સ્થાનિક બજારમાં છત્રી, રેઇનકોટ, કાચાં મકાનોને ઢાંકવા તાડપત્રી અને ખેતીવિષયક સરસામાનની ખરીદી શરૂ થઈ હતી.

**ભરૂચ જિલ્લામાં ક્યાં કેટલો વરસાદ?**

- અંકલેશ્વર-૫૬ મીમી
- હાંસોટ-૩૬ મીમી
- વાલિયા-૩૪ મીમી
- ભરૂચ-૨૫ મીમી
- નેત્રંગ-૨૧ મીમી
- ઝઘડિયા-૧૧ મીમી
- આમોદ-૨ મીમી
- વાગરા-૬ મીમી

### કસકમાં અપ્સરા એપાર્ટમેન્ટની ગેલેરીનો ભાગ ધરાશાયી, એક યુવક ઘાયલ



ભરૂચ શહેરમાં વરસાદી માહોલ વચ્ચે કસક વિસ્તારમાં આવેલા અપ્સરા એપાર્ટમેન્ટની ગેલેરીનો ભાગ અચાનક ધરાશાયી થઈ જતાં ત્યાં ઊભેલા ૩૫ વર્ષીય અજીતસિંહ રણજીતસિંહ રાણાને ઇજા પહોંચતા ૧૦૮ એમ્બ્યુલન્સ વાન દ્વારા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સાથે જ કાટમાળ નીચે પડતાં રિક્ષા દબાઈ જતાં ચાલકને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો.

### અંકલેશ્વરમાં બે મહિના અગાઉ જ નિર્માણ પામેલા ONGC બ્રિજ પર ભૂવો પડ્યો

અંકલેશ્વર: અંકલેશ્વરના ONGC બ્રિજ પર પ્રથમ વરસાદમાં જ મસમોટો ભૂવો પડતાં વાહનચાલકોને હાલાકી વેઠવાનો વારો આવે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. બે મહિના અગાઉ જ નિર્માણ પામેલા ONGC બ્રિજને પ્રજા માટે તેના રિપેરિંગ કાર્ય બાદ ખુલ્લો મુકાયો હતો.




# પલસાણામાં મેઘરાજાની ધબધબાટી બાદ બલેશ્વરથી જતા 4 રસ્તા બંધ કરાયા

**બલેશ્વરથી** કડોદરા, તુંડી, બગુમરા અને તુંડી-દસ્તાન રસ્તો બંધ, વૈકલ્પિક રસ્તા પરથી વાહનો જઈ શકશે




પલસાણા: બલેશ્વરની બત્રીસગંગા ખાડીમાં પૂર જેવી સ્થિતિ પેદા થઈ હતી. જેને કારણે ખાડી પાર ફળિયામાં રહેતા પરિવારો મુશ્કેલીમાં મુકાયા હતા. જો કે, મોડી સાંજે વરસાદે વિરામ લેતાં ધીમે ધીમે ખાડીનું જળ સ્તર ઘટવાનું શરૂ થયું હતું. જેના કારણે કોઈ જાનહાનિ ન થાય એ માટે પુલ બંને બાજુએ બેરિકેટિંગ મૂકી વાહનવ્યવહાર તથા અવરજવર માટે બંધ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત માર્ગ અને મકાન વિભાગ દ્વારા બલેશ્વર ખાડીમાં પાણી ભરાવાના કારણે (ઓવર ટેપિંગ)ના કારણે બલેશ્વરથી કડોદરા, તુંડી, બગુમરા અને તુંડી દસ્તાન જવા માટેના ચાર રસ્તા બંધ કરવામાં આવ્યા છે. જેના વૈકલ્પિક રીતે બલેશ્વર એપ્રોચ રોડ જોઈનિંગ એન.એન.૪૮ પર, એના તુંડી કારેલી મોતા રોડ અને કરણ સાંકી બગુમરા રોડ, ઓલ્ડ બી.એ. રોડ પાસિંગથી ચલથાણ-બલેશ્વર-પલસાણા જતા રસ્તો, એના-તુંડી-કારેલી-મોતા રોડ પરથી વાહનો જઈ શકશે.

# ઓલપાડ તાલુકામાં છ રસ્તા બંધ કરી દેવાયા

**લો-લેવલ** બ્રિજ પરથી પાણી વહેતાં વાહનો અને લોકોની અવરજવર બંધ કરી ભયજનક ચેતવણીનાં બોર્ડ મૂકવાની નોબત આવી

સાયણ: ઓલપાડ તાલુકામાં છેલ્લા ત્રણ દિવસમાં પડેલ સાર્વત્રિક વરસાદના કારણે તાલુકાના લો-લેવલ બ્રિજ ઉપરથી પાણી વહેતા સરકારના માર્ગ અને મકાન વિભાગે છ રસ્તા વાહનો અને લોકોની અવરજવર માટે બંધ કરવાની નોબત આવી છે. ભારે પવનના પગલે તાલુકાના કંથરાજ ગામે બે હળપતિ આવાસનાં પતરાં ઊડ્યાં છે. જ્યારે દિહેણ ગામે હળપતિવાસમાં રહેતી મધુબેન કાલીદાસ રાઠોડના આવાસમાં પાછળના ભાગની દીવાલ અને સેલુતમાં એક કાચું મકાન ધરાશાયી થયું હતું. ટકારમાથી સાયણ ગામ તરફ જતા રસ્તાનો લો-લેવલ પુલ ઉપર પણ પાણી ભરાયા હતા. આ ઉપરાંત ઓલપાડ ટાઉનમાં કુંભાર ફળિયાથી રૂદ્ર(રૂંઢી) ફળિયાનો રસ્તો, પરીઆ-માધર અને સાંધીએર રોડ, વિહારા-કણભી રોડ, કંથરાજ-સિથાણ-ખલીપોર રોડ, અટોદરા-અછારણ- સિથાણ રોડ સહિત કુલ છ જાહેર રસ્તા લોકોની અવરજવર માટે બંધ કરી દેવાયા છે.

### ટકારમાથી કદરામા માર્ગનો લો-લેવલ બ્રિજ પાણીમાં ગરકાવ

તાલુકામાં ભારે વરસાદથી નદી-નાળાં છલકાતાં તાલુકાનાં છ ગામને જોડતા જાહેર રસ્તા પર પાણી ફરી વળ્યા છે. ખાસ કરીને ટકારમાથી કદરામા માર્ગ પર પાણી ફરી વળતાં લો-લેવલ બ્રિજ પાણીમાં ગરકાવ થઈ જતા સરકારના માર્ગ અને મકાન વિભાગના તંત્રએ રસ્તો બંધના ચેતવણી બોર્ડ મૂકવાની નોબત આવી છે. જેના પગલે ખેડૂતો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ટકારમા ગામના માજી સરપંચ પ્રજ્ઞેશ પટેલે રોષ ઠાલવતાં કહ્યું કે, આ પુલ ઊંચો કરવા અમે વારંવાર રજૂઆત કરી છે. પરંતુ આજદિન સુધી તંત્રના પેટનું પાણી પણ હલ્યું નથી.


**જાહેર હરાજી**

આથી રસ ધરાવતા ઈસમો માટે જિ.પં.શિ સમિતિ સુરત સંચાલિત ઉ. પ્રાથમિક શાળા છમુછલ,તા-માંગરોળ,જિ-સુરતના ઓરડા નંગ -૭ ઉતારવાની તથા કાટમાળ લઈ જવાની જાહેર હરાજી તારીખ ૧૧/૦૭/૨૦૨૪ ને ગુરુવારના રોજ ૧૧:૩૦ કલાકે ઉ. પ્રાથમિક શાળા છમુછલના પટાંગણમાં રાખવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ હાજર રહેવા વિનંતી છે. અનામત ની રકમ રૂ.૫૦૦૦ /- સ્થળ પર જમા કરાવવાની રહેશે. રકમ જમા કરાવનાર જ હરાજીમાં ભાગ લઈ શકશે. હરાજી શરતોને આધીન રહેશે. જેની ઈસમોએ નોંધ લેવી.

લી.
સરપંચશ્રી/તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત છમુછલ તા. માંગરોળ, જિ. સુરત
સંપર્ક નંબર -૮૭૮૦૨ ૮૦૮૪૯

**જાહેર નિવિદા**

આથી ઈલેક્ટ્રોનીક વજનકાંટાનું મેન્યુફેક્ચરીંગ કરતી કંપની ઓને આ જાહેર નિવિદાથી જાણ કરવામાં આવે છે કે, બજાર સમિતિ વાલીઆ એ તેના સબયાર્ડ-નેત્રંગ ખાતે ૬૦ ટન કેપીસીટી નો ફુલ્લી ઈલેક્ટ્રોનીક વજનકાંટો (૯ મીટર x ૩ મીટર) ૦૪ નંગ લોડશેલ સહીત રૂા.૦૪.૯૯ લાખની મર્યાદામાં ખરીદી કરવાનો હોય આ જાહેર નિવિદા પ્રસિધ્ધ થયેથી દીન-૭માં નીચે દર્શાવેલ સરનામા ઉપર સીલબંધ કવરમાં રૂબરૂ અથવા રજીસ્ટર પોસ્ટ એ.ડી. અથવા સ્પીડપોસ્ટથી પોતાના ભાવપત્રક (ક્વોટેશન) મોકલવાનાં રહેશે. ક્વોટેશન મંજુર કરવું કે નહીં તેની તમામ અબાધિત સત્તા બજાર સમિતિની રહેશે.

નોંધ: ક્વોટેશન આપતા પહેલા મેન્યુફેક્ચરીંગ કંપની કે પેઢીએ પોતાના અધિકૃત પ્રતિનિધી પાસે સુચિત વજનકાંટાની જગ્યાની સાઈટ વીઝીટ કરી લેવાની રહેશે તેમજ અન્ય શરતો બજાર સમિતિના નીચે દર્શાવેલ સરનામાવાળી ઓફીસેથી મેળવી લેવાની રહેશે.

ક્વોટેશન મોકલવાનું સરનામું
શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિત-વાલીઆ
સીવીલ કોર્ટની સામે, મુ.પો. તા.વાલીઆ, જી.ભરૂચ. પીન-૩૯૩૧૩૫
મો.૯૯૨૫૬૯૪૭૪૭

શ્રી યોગેન્દ્રસિંહ. જે. મહિડા
ચેરમેન
શ્રી ખે.ઉ.બ.સ. વાલીઆ.